Gujarati (110)
Sample Question Paper
Class - XII (2026-27)

નોંધ	NOTE
➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.	The question paper is divided in two parts.
➢ વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ) તેમજ ટૂંકા પ્રશ્નો પૂછવામાં આવશે.	Part A: Objective type questions. (MCQ) and very short question.
દરેક ઉત્તર માટે 1 અંક નિર્ધારિત છે. (અ) વિભાગ કુલ 40 ગુણનો હશે.	Each Answer carries 1 mark. Total - 40 marks.
➢ વિભાગ (બ) વર્ણનાત્મક પ્રશ્નો	Part B: Subjective Descriptive questions
➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગમાં પ્રશ્નોત્તર લખવાના રહેશે.	As per the instructions given the questions and answers of this section have to be written.
➢ કુલ ગુણ 40 ➢ પ્રશ્નપત્રમાં ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અવશ્ય લખવો.	Total - 40 marks. Please write down the serial number of the question before attempting it.

ગુજરાતી
ધોરણ-XII (110)

સમય – 3 કલાક **કુલ ગુણ -80**
Time: 3 hrs. **M.M.- 80**

PART A (વસ્તુનિષ્ઠ પ્રશ્નો) (40)
(Advanced Reading Skill)

પ્રશ્ન-1. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (5x1=5)

સફળતા અને નિષ્ફળતા માણસના જીવનપથના બે અવિભાજ્ય અંગો છે. વ્યક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં સતત સફળતા મેળવે એ શક્ય નથી. સફળતા ત્યારે મળે છે જ્યારે મનુષ્ય સતત મહેનત, શિસ્ત, નિષ્ઠા અને ધૈર્ય સાથે લક્ષ્ય માટે પ્રયાસ કરે. સફળતા આપણને ઉત્સાહ, આત્મવિશ્વાસ અને નવી ઊંચાઈઓ સર કરવાની પ્રેરણા આપે છે પરંતુ જીવનમાં મળતી નિષ્ફળતા પણ એટલી જ મહત્ત્વની છે. નિષ્ફળતા આપણામાં રહેલી ભૂલો અને નબળાઈઓ સમજવામાં મદદ કરે છે. તે આપણું મનોબળ મજબૂત બનાવે છે અને આગળ વધવા માટેની સાચી દિશા બતાવે છે. નિષ્ફળતા ત્યારે જ નુકસાનકારક બને છે જ્યારે આપણે તેને પરાજય માનીએ. પરંતુ જો આપણે તેને એક ક્ષણિક અવરોધ, એક શીખવાની

તક અને નવી શરૂઆતનો પાયાનો પથ્થર માનીએ, તો તે સફળતાનું મૂળ બને છે. જીવનમાં મળેલ દરેક નિષ્ફળતા આપણા ધૈર્ય, સંયમ અને સંઘર્ષશક્તિની પરીક્ષા લે છે અને ભવિષ્યના પડકારો સામે વધુ સજ્જ બનાવે છે. આજની પેઢી માટે આ સમજવું ખૂબ જ જરૂરી છે કે સફળતા ક્યારેય તરત કે સરળતાથી મળતી નથી. યોગ્ય આયોજન, સતત પ્રયત્ન, સ્વયંશિસ્ત અને નિષ્ફળતાને સ્વીકારવાનો સકારાત્મક અભિગમ - આ ચાર ગુણો કોઈપણ વ્યક્તિની સફળતાનો સૌથી મજબૂત આધારસ્તંભ છે. સફળતા પ્રાપ્ત કર્યા પછી તેનો આનંદ જરૂર માણવો જોઈએ, પરંતુ નિષ્ફળતા પ્રાપ્ત થયા પછી નિરાશ થવું કે હાર માનવી એ યોગ્ય નથી. નિષ્ફળતા એ સંકેત આપે છે કે કદાચ કેટલીક બાબતોમાં સુધારો કરવાની અથવા કોઈ નવી રીત અપનાવવાની જરૂર છે. નિષ્ફળતા આપણને વધુ બુદ્ધિશાળી અને અનુભવસમૃદ્ધ બનાવે છે. જીવનનો દરેક તબક્કો ક્યારેક સફળતા, તો ક્યારેક નિષ્ફળતા આપીને આપણા વ્યક્તિત્વનું ઘડતર કરી જીવનને અર્થપૂર્ણ બનાવે છે. આથી, સફળતા અને નિષ્ફળતા બંને આપણા જીવનના માર્ગદર્શક છે. સફળતા આપણને આગળ ધપાવે છે અને નિષ્ફળતા આપણને સાચી દિશામાં લઈ જવાનું કાર્ય કરે છે.

પ્રશ્નો: (I) મનુષ્યને સફળતા ક્યારે પ્રાપ્ત થાય છે?

(II) નિષ્ફળતા મનુષ્યને કઈ બાબત સમજાવે છે?

(III) સફળતાપ્રાપ્તિના આધારસ્તંભો કયા છે?

(IV) મનુષ્યનું જીવન અર્થપૂર્ણ ક્યારે બને છે?

(V) મનુષ્યના સાચા માર્ગદર્શક કોણ છે? કઈ રીતે?

પ્રશ્ન-2 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો. (5x1=5)

તનબળ, ધનબળ, બુદ્ધિબળ, સર્વ ન એક જ સાથ;
પાંખો છે જે પ્રાણીને, તો તેને નહિ હાથ.
આપ્યું સૌને ઈશ્વરે, એક એક વિધ જોર;
જોર મુખે છે સર્પને, વૃશ્ચિક(વીંછી) પૂંછ સજોર.
વગર બુદ્ધિએ જોરથી, થતું હોત જો કાજ;
વાઘ, વરુ ને વાંદરાં, કરત જગતમાં રાજ.
જે નિજબળ જાણે નહિ, વરતે પરાધીન;
હાથી અજ્ઞાને રહે, મા'વત આગળ દીન.
પોતામાં પોતાપણું, હોય તો જ સૌ સ્હેલ;
હોય તો જ દીવો બળે દીવામાંહી દિવેલ.
હિકમત ધરે હજાર પણ, ગજા પ્રમાણે થાય;
નખ છેદાય નરેણીએ, કંઠ કદી ન કપાય.

પ્રશ્નો:

(I) પોતાની અસીમ શક્તિઓથી અજાણ હાથી મહાવત પાસે કેવો બની જાય છે?

(A) ભયાવહ (B) નિર્દય

(C) દીન (D) ધનિક

(II) સ્વશક્તિથી અજાણ લોકો કેવા બની જાય છે?

(A) વિદ્વાન (B) પરાધીન

(C) નિર્દય (D) સ્વાધીન

(III) કવિતામાં કયા પ્રાણીને 'મુખે જોર' છે એવું કહેવામાં આવ્યું છે?

(A) સર્પ (B) વાઘ

(C) વૃશ્ચિક (D) શિયાળ

(IV) વાંદરાં, વરુ અને વાઘ કયા કારણસર જગતમાં રાજ નથી કરી શકતાં?

(A) બળ પહેલાં બુદ્ધિ અજમાવે છે. (B) ફક્ત બુદ્ધિગમ્ય વર્તન કરે છે.

(C) બુદ્ધિ વિના માત્ર બળને મહત્ત્વ આપે છે. (D) બળ અને બુદ્ધિ બંનેનો ઉપયોગ કરે છે.

(V) 'હોય તો જ દીવો બળે દીવામાંહી દિવેલ' આ પંક્તિ દ્વારા કવિ શેની વાત કરે છે?

(A) દીવાના વિવિધ પ્રકારોની (B) બહારથી મળેલી શક્તિની

(C) આંતરિક શક્તિના મહત્ત્વની (D) સંઘર્ષના મહત્ત્વની

(Literature)

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો (કોઇપણ પાંચ) **(5x1=5)**

(I) કવિના મતે મૃત્યુ પછી શું સાથે આવતું નથી?

(A) ધન, જન સંપત કે સાહ્યબી

(B) નોકરી, પેન્શન અને વીમો

(C) સગા વહાલા અને પુત્ર

(D) કપડાં અને પગરખાં

(II) 'હંકારી જા' કાવ્યમાં કવિ કઇ તીવ્ર ઝંખના વ્યક્ત કરે છે?

(A) હંકારવાની

(B) પ્રભુદર્શનની

(C) સંપત્તિની

(D)સંતાનોની

(III) લેખક સુરેશ જોશીને મતે કોને થીંગડું દઇ શકાતું નથી?

(A)પેન્ટને

(B) ખમીસને

(C) વૃદ્ધાવસ્થા અને જીર્ણતાને

(D)કોટને

(IV) વડલાના હૈયામાં શું સમાયેલું છે?

(A) વડવાઇઓ

(B) જીવડાં અને જાળાં

(C) પંખીઓના મીઠા ટહુકા

(D) જૂની યાદો

(V) ચિરાયુનું રેશમી વસ્ત્ર સાંધી ન શકાયું...કારણ કે

(A) ઘણું જૂનું હતું

(B) સિલાઇ આવડતી ન હતી

(C) એટલા પાપ વિનાના વર્ષો કોઈ પાસે ન હતા

(D) ચિરાયુને સાંધેલું વસ્ત્ર ગમતું ન હતું

(VI) શી ઈચ્છા પૂરી કરશો? આ પ્રશ્ન કોણ પૂછે છે?

(A) સિધ્ધ પુરુષ

(B) મનુ

(C) પ્રભાશંકર

(D) રાણી

પ્રશ્ન – 4 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. (કોઇપણ પાંચ) **(5x1=5)**

મેળો આપો તો એક માનવીની સંગ,
અને એકલતા આપો તો ટોળે,
જીવન આપો તો એવું આપો કે
શ્વાસ એના કેફના કસૂંબાને ઘોળે!

તરતાં ના આવડે લગાર અને તગતગતા
તડકાનો દરિયો લલકારે.
થાકેલી આંખો અંજાતી નથી, તોયે
થોડાં મૃગજળ ચળકે છે મઝધારે.
ટીંપેથી પાય તો ધરાઉં, સાવ તરસ્યો હું
રહી ગયો છલકાતી છોળે.
સૂની બપોરની આ એકલતા એકલતા
એકલતા બોલી અકળાવો.
ઊગતી સવારના આ ડહોળાતા રંગમાં
જો થોડી આ સાંજ ઘૂંટી લાવો.
કોઇએ ના હોઠે અડકાડ્યું એ અમરતને
કોણ હવે આકાશે ઢોળે?

પ્રશ્નો :

(I) કવિ મેળો અને એકલતા વિશે શું કહે છે?

(II) કવિ કેવું જીવન ઇચ્છે છે?

(III) મૃગજળ ક્યાં ચળકે છે?

(IV) કવિ ક્યાં તરસ્યા રહી ગયા છે?

(V) ઊગતી સવારના ડહોળાતા રંગમાં કવિને શું જોઈએ છે?

(VI) કવિ અમૃતને કેવું કહે છે?

પ્રશ્ન -5 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (કોઇપણ પાંચ) **(5x1=5)**

જો નિશાળ ન હોત તો બધાના બાળપણનો કાળ સુખમાં જ ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ. એનો એવો જરાય અર્થ નહિ કે મને ભણવાની હોંશ નહોતી. પણ કેરી પીળી કઇ રીતે થાય? નાળિયેરમાં મીઠું પાણી કોણ રેડે? ગર ભરેલી આમલી ઝાડ પર કઇ રીતે તૈયાર થાય? આખો દિવસ આપણે ગીત ગાતાં રહીએ તો શું થાય? આવું આવું શિક્ષણ આપવાનું છોડીને બીજા જ વિષયો ભણાવવામાં આવે છે ! રોજ પ્રાર્થના કરવા છતાં ભગવાન આપવામાં આપણાં પર આટલો ક્રૂર કેમ થાય છે? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી.

એટલું વળી ઠીક હતું કે મારા નાનપણમાં જૂનું ગણિત જ હતું, પણ જૂનું ગણિત ભણેલા ભગવાનને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં, ધીમેથી આવીને કહી જવામાં શો વાંધો હતો? મારા વર્ગમાંના વિનાયક દેસાઈને, દીનુ અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે. હકીકતે તો અમે ત્રણેય જણ જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને, 'ભગવાન મને ગણિતમાં પાસ કર.પુરવણી પર શાહી ઢોળવા દઈશ નહિ, એવી એવી માગણીઓ કરતા.

પ્રશ્નો:

(I) બાલ્યકાળના સુખની લેખક શી કલ્પના કરે છે?
(II) લેખકને નિશાળમાં કયા સવાલનો જવાબ ક્યારેય મળ્યો નથી?
(III) લેખકના મતે શાળામાં કેવું શિક્ષણ આપવું જોઈએ?
(IV) લેખક ભગવાન વિશે શું વિચારે છે?
(V) જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને લેખક અને તેના મિત્રો શું માંગતા?
(VI)કવિના શાળાકાળમાં ક્યુ ગણિત હતું?

(Applied Grammar)

પ્રશ્ન-6.(A) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.(કોઈપણ પાંચ) **(5x1=5)**

(I) નીચેનામાંથી 'પોરસાવવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.
(A) જીભ ન ઉપડવી (B) વખાણ કરવા
(C) ધંધે વળગવું (D) ઢોંગ કરવો

(II) 'હસતે મોઢે' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.
(A) ખડખડાટ હસવું (B) સહર્ષ સ્વીકાર
(C) અટ્ટહાસ્ય કરવું (D) હાસ્ય દ્વારા ટીકા

(III) 'ફરમાન કરવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.
(A) સમજણની બહાર હોવું (B) કડક અને ઘાતકી સજા કરવી
(C) ફરજ બજાવવી (D) આદેશ આપવો

(IV) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે?
(A) અક્કલની ખાણ હોવી – બુદ્ધિનો નાશ થવો (B) પેટનું પાણી ન હાલવું – નિશ્ચિંત રહેવું
(C) કાન દેવા – ગફલત દાખવવી (D) ખણખોદ કરવી – ખભે ખભો મેળવવો

(V) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી?
(A) બે પાંદડે થવું – આર્થિક પરિસ્થિતિ સુધરવી (B) માલ ન હોવો – વજૂદવાળું હોવું
(C) પેંગડાંમાં પગ ઘાલવો – બરાબરી કરવી (D) કેફના કસુંબા ઘોળવા- આનંદમાં રહેવું

(VI) નીચેનામાંથી 'આભા બની જવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.
(A) ગાભા કાઢી નાખવા (B) રાભા થઈ જવું
(C) આશ્ચર્યચકિત થઈ જવું (D) સૂનમૂન થઈ જવું

(B) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો .(કોઈપણ ત્રણ) **(3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો

(A) રોજ સવારે સૂર્યદેવને જળનો અભિષેક કરવાનો મારો નિયમ છે.

(B) હું શબ્દાર્થને નથી વળગતો, ભાવાર્થ આપું એટલે મને સંતોષ.

(C) મહેનતના ફળ મીઠા જ હોય.

(D) ધ્યેય નિર્ધારિત કર્યા પછી પાછી પાની ન કરવી જોઈએ.

(II) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

(A) પોતાના હક માટે અવશ્ય લડવું પડે.

(B) લાભશંકર કરકસરથી ઘર ચલાવતા હતા.

(C) હજુ શરમ રાખું છું ત્યાં સુધી નહિ તો જોયા જેવી થશે.

(D) પ્રેમાનંદે ઇતિહાસના પ્રસંગોના અસંખ્ય આખ્યાનો રચ્યા છે.

(III) નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો.

શાળામાં _____ રમતોત્સવ હોય _____ તેઓ અચૂક હાજર હોય.

(A) જો - જ્યારે

(B) જ્યારે - ત્યારે

(C) પણ – કે

(D) એથી – કારણ કે

(IV) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

(A) રોજ સવારે ચાલવા જવાનો મારો ક્રમ છે.

(B) રાતે મને ઊંઘ આવી નહીં

(C) ધીરજ જીવનમાં જરૂરી છે

(D) મહેનત સારી હોય તો સારું પરિણામ આવે.

(C)સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.(કોઈપણ ચાર) **(4x1=4)**

(I) નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) પ્રત્યેક ઘરમાં વીજળીના દીવા પ્રકાશી રહ્યા છે.

(B) પ્રત્યેક ઘરોમાં વીજળીના દીવાઓ પ્રકાશ ફેંકી રહ્યા છે.

(C) વીજળીના દિવા પ્રત્યેક ઘરમાં પ્રકાશ ફેંકી રહ્યા છે.

(D) પ્રકાશ ફેંકી રહ્યા છે વીજળીના દિવા પ્રત્યેક ઘરમાં.

(II) નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) પરમેશ્વર આંખે લઈ શકાય છે, પણ એને અનુભવમાં લઈ શકાતો નથી.

(B) પરમેશ્વર અનુભવમાં લઈ શકાય છે, પણ એને આંખે લઈ શકાતો નથી.

(C) આંખે લઈ શકાય છે, પણ એને પરમેશ્વર અનુભવમાં લઈ શકાતો નથી.

(D) પરમેશ્વર આંખે દેખાતો નથી, પણ એને અનુભવમાં લઈ શકાય છે.

(III) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) ગોપી અને રમણલાલ આવ્યાં હતાં.

(B) મેળામાં ૧૦૦ માણસોની ભીડમાં 1 બાળક ખોવાઈ ગયું.

(C) સત્ય અને હિંસા એક સિક્કાની બે બાજુ છે.
(D) ઉત્તમ ખેલાડીમાં ખેલદિલી નો અભાવ હોય છે.

(IV) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.
(A) દરિયાએ મને સ્વપ્ન આપ્યું કે મેટ્રિક પાસ કરી અમેરિકા ભણવા ચાલ્યો જા.
(B) મનોબળ કરવાથી જ ધીમે ધીમે સંકલ્પો ઘડાય છે.
(C) ક્ષમા નિર્દયતાનું કરવાથી પણ પરિમાર્જન થઈ છે શકે.
(D) પાણી સદુપયોગ કરો વાણીનો અને ખપ પૂરતા જ વાપરો.

(V) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.
(A) હું બેઠો જમવા હતો
(B) વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપો
(C) તરવાનું નદીમાં ટાળો
(D) તમારા સાયવીને પૈસા રાખો

(D) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખો. (કોઈપણ ચાર) **(3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય શોધો.
(A) નાનો ને સાદો ઓરડો ખૂબ ચીવટથી સજાવ્યો.
(B) કાવ્યમાં કવિએ કલ્પનાને કાવ્યદેહ અને હાર્દને આત્મા તરીકે કંડાર્યો છે.
(C) જેની આંખમાં વસ્તુ માટે પ્રેમ ન હોય તે વસ્તુનું આત્મતત્ત્વ પામશે નહીં.
(D) ભારતમાં તે વખતે સુતરાઉ કાપડવણાટનો ઉદ્યોગ પૂરજોશમાં ચાલી રહ્યો હતો.

(II) નીચેના વાક્યોમાંથી ચાલુ ભૂતકાળનું વાક્ય શોધો.
(A) ગોવાળિયાઓએ વાંસળીના સૂરમાં વાતાવરણને સૌંદર્યમગ્ન બનાવી દીધું હતું.
(B) લાચાર નીલાને રસ્તો ઓળંગતા જોઈ મારું હૈયું વ્યગ્ર બન્યું.
(C)સૂર્યોદય થતાં જ સવારનું ઝાકળ ફૂલોની પાંદડીઓ પરથી ધીમે ધીમે ઊડી રહ્યું હતું.
(D) હું જ્યેષ્ઠ પાંડવ છું, મને ધર્મરાજ ન કહો.

(III) નીચેના વાક્યોમાંથી પૂર્ણ ભવિષ્યકાળનું વાક્ય શોધો.
(A) ભગવાનનું નામ લઈને પાછલી રાતના મેં ગાડું જોતરી દીધું.
(B) ઈશ્વર આપણામાં વસે છે અને આપણે ઈશ્વરમાં વસીએ છીએ.
(C) મોટા મોટા ઉસ્તાદો બિસ્મિલ્લાખાં પાસે શરણાઈ શીખવા જતાં હશે.
(D) દેશની ઉન્નતિ કાજે જ સમાજસેવકોએ સ્વસ્થ સમાજનું નિર્માણ કર્યું હશે.

(IV) નીચેના વાક્યોમાંથી ઉદ્ગારવાક્ય શોધો
(A) તમે કાલે શાળાએ આવશો?
(B)હું આજે પ્રવાસે જવાનો છું
(C) ઘરમાં આજે શાંતિ નથી
(D)અરેરે!એણે આવું ન કરાય!

PART B

(વર્ણનાત્મક પ્રશ્નો) (40)

(Literature)

પ્રશ્ન-7. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) **(3x2=6)**

(I) નાયકનો સ્વાર્થ અને નાયિકાની નિઃસ્વાર્થ ભાવના શી રીતે આલેખન પામી છે?

(II) 'હોડી' અને 'સંસાર'નાં પ્રતીકો સ્પષ્ટ કરો.

(III) અર્જુનના ઉદાહરણ દ્વારા કવિ શો સંદેશ આપે છે?

(IV) ગંગાસતી કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનું કહે છે?

પ્રશ્ન-8 નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ એક) (1x3=3)

(I) 'હંકારી જા' કાવ્યનો કેન્દ્રવર્તી ભાવ સ્પષ્ટ કરો.

(II) 'વડલો ને પંખીડાં' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

(III) 'વતનનો તલસાટ' કાવ્યમાં કવિની જન્મભૂમિનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં લખો.

પ્રશ્ન-9. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (3x3=9)

(I) નારાયણ હેમચંદ્રનું ચરિત્ર ચિત્રણ કરો.

(II) પ્રભાશંકરના વીતેલા જીવનનો ખ્યાલ આપો.

(III) અખો શા માટે સંસારત્યાગ કરે છે? એની મન:સ્થિતિ જણાવો.

(IV) મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કેવી રીતે કરી?

(V) સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

પ્રશ્ન-10 નીચેના સાહિત્યકારનો દસ-બાર વાક્યોમાં પરિચય કરાવો. (કોઈપણ એક) (1x4=4)

(I) ઉમાશંકર જોશી

(II) દલપતરામ

(Effective writing Skill)

પ્રશ્ન- 11. નીચે આપેલ વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. (કોઈપણ એક) (1x8=8)

(A) વૃક્ષોનું જતન આબાદ વતન:

મુદ્દા: પ્રાસ્તાવિક – વૃક્ષોની ઉપયોગિતા – વસ્તીવધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ – દેશની સમૃદ્ધિનો આધાર – ઉપસંહાર

(B) આધુનિક યુગની વૈશ્વિક સમસ્યાઓ :

મુદ્દા : પ્રાસ્તાવિક – વર્તમાન જગત – વિવિધ શોધખોળો – વૈશ્વિક સમસ્યાઓનો ઉદ્‌ભવ – વર્તમાન જગત પર તેની અસર - ઉપસંહાર.

(C) જો હું વડાપ્રધાન હોઉં તો...

મુદ્દા : પ્રસ્તાવના – દેશની આજની પરિસ્થિતિ – વડાપ્રધાનના ગુણ – વડાપ્રધાન તરીકેની કામગીરી – ઉપસંહાર

પ્રશ્ન -12 . તમારી શાળામાં યોજાયેલા 'પુસ્તકમેળા'નો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. (1X5=5)

અથવા

તમારી શાળામાં યોજાયેલા 'નશામુક્તિ અભિયાન'નો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.

પ્રશ્ન-13. તમારા વિસ્તારમાં રોગચાળો ફેલાયો છે એ વિશે પગલા લેવા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીને પત્ર લખો. (1x5=5)

અથવા

શહેરના પર્યાવરણને જોખમરૂપ પ્રદૂષણને અંકુશમાં લેવા યોગ્ય પગલા ભરવા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખો.

****